# ઈડરના સાબલવાડના આકાશમાં ચમકતા પદાર્થે કુતુહલ સર્જ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ વિશ્વના અનેક દેશોમાં ઉડતી રકાબી અને એલિયન દેખાયાની વાતોએ આજે પણ રહસ્ય સર્જ્યું છે ત્યારે ઈડર તાલુકાના સાબલવાડ ગામના આકાશમાં ગત રાત્રે ઉડતી રકાબી દેખાઈ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આકાશમાં ચમકતો પદાર્થ જોઈ ગ્રામજનો ચોંકી ઉઠ્યા હતા અનેક લોકોએ આકાશમાં કે કેમ..?? તે મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

માણસ ભરોસા વગરનો સમર્થન આપ્યું છે. કેટલાક વિમાનના પાયલોટોએ પણ અમે પરગ્રહવાસીઓ દેખ્યા છે, ઉડતી ચમકતો પદાર્થ દેખાયો ત્યારબાદ નજરે નિહાળનારા લોકોનું કહેવું છે કે ધરતી ઉપર ધુમાડાવાળી આકૃતિ ગુજરાતમાં સાબલવાડના આકાશમાં દેખાયેલા ચમકતા પદાર્થથી રહસ્ય સર્જ્યું છે. હવે ખગોળશાસ્ત્રીઓથી માંડી જિલ્લા વહીવટી તંત્ર માટે સાબલવાડના આકાશમાં દેખાયેલો ચમકતો પદાર્થ શું હતું..?? તેની તપાસ કરી જાણકારી આપવી જોઈએ.



## યુ.એફ.ઓ., એલિયનની વાતોએ જોર પકડ્યું

તરતા જગારા મારતા પદાર્થને કેમેરામાં કેદ કરી લીધો હતો. યુ.એફ.ઓ. અને એલિયનની થઈ ગયો છે તેમ હવે કુદરત પણ કંઈક કાળા માથાના માનવીના પગલે આગળ તો વધતી નથી ને..?? રકાબી પણ જોઈ છે તેવું જાહેરમાં કબુલ્યું છે જો કે આ તમામ ઘટનાઓ અન્ય દેશોમાં બની છે ત્યારે ગુજરાત દેખાઈ.

જોગાનું જોગ કોઈ મોબાઈલ પ્રેમીએ તસવીર પોતાના કેમેરામાં કેદ

## ઘટનાના ૨૦ કલાક પછી પણ ડીઝાસ્ટર વિભાગ અજાણ

સાબરકાંઠા જિલ્લા ડીઝાસ્ટર મામલતદાર યુ.એચ.વાઢેરનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આવી કોઈ જાણકારી અમારા ધ્યાન ઉપર આવી નથી. સમગ્ર રાજ્યમાં સાબલવાડના આકાશમાં દેખાયેલા ચમક્તા પદાર્થની વિગતો સોશ્યલ મીડીયા દ્વારા વાયરલ થઈ હોવા છતાં ડીઝાસ્ટર વિભાગ પાસે જાણકારી ન હોય તેનો મતલબ એ થયો કે તંત્ર હજુ કુંભકર્ણની નિંદ્રામાં છે.

વાતોએ આ ઘટના પછી જોર પકડ્યું છે. સોશ્યલ મીડીયામાં ફોટા વાયરલ થયા પછી પરગ્રહવાસીઓ સાબરકાંઠાની મુલાકાતે આવ્યા હશે અત્યાર સુધી ઉડતી રકાબી અને એલિયનની વાતો સાંભળવા મળતી હતી. નાસા સંસ્થાએ પણ અગાઉના વર્ષોમાં એલિયન હોવાની બાબતને અને ભારતમાં આવી કોઈ ઘટના બની હોય તેવું કોઈએ જણાવ્યું નથી. પરંતુ તા.૧૧ માર્ચની રાત્રે ઈડરના સાબલવાડના આકાશમાં વિશાળ કરી લીધી બસ પછી આ તમામ તસવીરો ગણતરીની મીનીટોમાં સોશ્યલ મીડીયામાં વાયરલ થઈ જતાં ઉત્તર ગુજરાત સહિત



નવા શાસકો માટે માથાનો દુઃખાવો

## બાયડ નગરપાલિકામાં ઠેર ઠેર ઉભરાતી ગટરોથી રહીશો પરેશાન

### ચોકઅપ થયેલી લાઈનને સત્વરે ખુલ્લી કરવી પડશે, રૂા.૧૭ કરોડનું આંધણ છતાં પરેશાની ઠેરની ઠેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા પછી મંગળવારે પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ થઈ જશે આ સાથે જ ભાજપના નવા શાસકો માટે બાયડમાં ઠેર ઠેર ઉભરાતી ગટરોનો



પ્રશ્ન માથાના દુઃખાવારૂપ બની રહેશે. છેલ્લા કેટલાય સમયથી ભૂગર્ભ ગટર ઉપર ધ્યાન અપાયું નથી અને પંપીંગ સ્ટેશન બંધ હાલતમાં છે અને કેટલાક વિસ્તારોમાં લાઈન ચોકઅપ થયાની સંભાવના છે. ભાજપના સત્તાધિશોએ ભૂગર્ભ ગટરના પ્રશ્નનો ત્વરીત ઉકેલ લાવી દુર્ગંધ મારતી ઉભરાતી ગટરોથી ત્રસ્ત બાયડની પ્રજાને પરેશાનીમાંથી મુક્ત કરાવવી પડશે.

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજનાઓના અમલીકરણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. વર્ષ-૨૦૧૧-૧૨માં બાયડમાં ભૂગર્ભ ગટર યોજના માટેનો સર્વે હાથ ધરાયા પછી સરકાર દ્વારા રૂા.૧૭ કરોડના ખર્ચે બાયડ પાલિકાના સોસાયટી વિસ્તાર, સ્લમ વિસ્તાર, જૂના બસ સ્ટેશન વિસ્તાર, બાયડ ગામ, સુંદરપુરા સહિતના વિસ્તારોને આવરી લઈ ભૂગર્ભ ગટર યોજનાનું કામ શરૂ કરવામાં આવ્યું. ૩ સ્થળે પંપીંગ સ્ટેશનો બનાવ્યા પરંતુ ત્યાર પછી તત્કાલિન શાસકોએ ભૂગર્ભ ગટર ઉભરાતી હોવા છતાં તેના પ્રશ્નોના ઉકેલ માટે યોગ્ય લક્ષ ન આપ્યું. મરામત પાછળ કરેલો લાખોનો ખર્ચ પણ ફોગટ ગયો અત્યારે પરિસ્થિતિ એ છે કે અનેક સોસાયટીઓ સ્વચ્છ અને સુઘડ છે છતાં ભૂગર્ભ ગટરનાં ઉભરાતાં દુર્ગંધ મારતા પાણીથી રાત્રિની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. આ સંજોગોમાં ભાજપના શાસકોએ માથાના દુઃખાવારૂપ બનેલી ભૂગર્ભ ગટર યોજનામાં જે પણ કોઈ ખામી સર્જાઈ છે તેનો ઉકેલ લાવવો રહ્યો.

# અરવલ્લીમાં લેન્ડગ્રેબિંગ કેસનો રાફડો

### કઉં ગામે તારની વાડ કરી જમીન ઉપર કબજો કરાતાં ખેડૂત સામે ફરિયાદ : જિલ્લામાં લેન્ડગ્રેબિંગ કેસની સંખ્યા ૧૧ થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ અરવલ્લી જિલ્લામાં લેન્ડગ્રેબિંગ કેસનો રાફડો ફાટ્યો છે. મોડાસા તાલુકાના કઉં ગામની સીમમાં ખેડૂત રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ(રહે.અલંકાર સોસાયટી, મોડાસા)એ તેમની જમીનમાં ૭/૧૨ ના ઉતારામાં કૂવાની નોંધ ન હોવા છતાં શેઢા પાડોશી ખેડૂતના કૂવા ફરતે તારની વાડ કરી જમીન ઉપર ગેરકાયદે કબજો કરતાં મોડાસા ગ્રામ્ય પોલીસે ખેડૂત સામે લેન્ડગ્રેબિંગનો કેસ નોંધી તપાસ હાથ ધરી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં જમીન ધાકધમકી કે પછી રેકર્ડમાં ચેડાં કરી પચાવી પાડવાના કિસ્સા સબબ ૧૧મો કેસ નોંધાતાં તપાસનીશ અધિકારી તેમજ પોલીસ ટીમો દોડતી થઈ છે.

જિલ્લામાં ગેરકાયદેસર રીતે જમીનો હડપ કરવા સામે સરકાર આકરા પાણીએ થયા પછી હવે એક પછી એક પોલીસ સ્ટેશનોમાં લેન્ડગ્રેબિંગની ફરિયાદોનો દોર શરૂ થયો છે. નવા કાયદા અંતર્ગત તપાસનીશ પોલીસ અધિકારીએ ૩૦ દિવસમાં ચાર્જશીટ રજૂ કરવાની હોવાથી અરજદારોને ટૂંકી સમયમર્યાદામાં ન્યાય મળશે કે કેમ..?? તે કહેવું હાલ મુશ્કેલ છે પરંતુ સરકારે જમીન પચાવી પાડવનારાઓ સામે કડક કાયદો બનાવતાં અરજદારોને હવે થોડો ભરોસો બેઠો છે. મોડાસા તાલુકાના કઉં ગામની સીમમાં સર્વે નં.૫૮૦વાળી જમીનમાં ૧૯૭૨/૭૧ થી મેન્યુઅલ ઉતારામાં કૂવાની નોંધ કરવામાં આવી છે તથા ૭/૧૨ ના ઉતારામાં પણ સિંચાઈની સગવડ માટે કૂવો દર્શાવ્યો છે. આ જમીનના હક્કદાર મોડાસાની અપ્સરા સિનેમા નજીક રહેતા ફાતમાબેન અબ્દુલહબીદ ઉસ્માનભાઈ ટીંટોઈયા હોવા છતાં નજીકના શેઢાપાડોશી ખેડૂત રાજેન્દ્રભાઈ પટેલે તેમના સર્વે નં.૫૭૯/૨ વાળી જમીનમાં ૧૯૬૪ થી ૭/૧૨ ના ઉતારામાં કૂવાની કોઈ નોંધ ન હોવા છતાં રેકર્ડના આધાર પુરાવા વગર ફાતમાબેન ટીંટોઈયાની સર્વેનંબર ૫૮૦ની જમીનમાં આવેલ કૂવા ફરતે ગેરકાયદેસર રીતે તારની વાડ કરી જમીન ઉપર કબજો કરી લીધો હતો જેથી અરજદાર મહિલા ખેડૂતે નવા કાયદા અંતર્ગત ખેડૂત વિરૂદ્ધ મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં એક પછી એક જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં પોલીસ ફરિયાદો શરૂ થતાં પારકાની જમીન ઉપર કબજો કરનારાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

### જમીન પ્રકરણની ફરિયાદમાં તપાસ શરૂ : નાયબ પોલીસ અધિક્ષક

બાયડ : મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં વધુ એક લેન્ડગ્રેબિંગની ફરિયાદ અંતર્ગત આરોપી ખેડૂત સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસનીશ અધિકારી નાયબ પોલીસ અધિક્ષક ભરત બસીયાનો સંપર્ક કરતાં ફરિયાદ દાખલ થયા પછી તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. નવા કાયદા અંતર્ગત તપાસમાં ૩૦ દિવસની અંદર ચાર્જશીટ રજૂ કરવાની હોવાથી પોલીસ દ્વારા બંન્ને પક્ષે જવાબો લેવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

### લેન્ડગ્રેબિંગમાં ૧૪ વર્ષની સજાની જોગવાઈ..

બાયડ : અરવલ્લી જિલ્લામાં સરકારે લેન્ડગ્રેબિંગનો કાયદો અમલી બનાવ્યા પછી વધુ ને વધુ ફરિયાદો બહાર આવી રહી છે. ૩૦ દિવસમાં ચાર્જશીટ તૈયાર કરવાની હોવાથી તપાસનીશ અધિકારીઓ તેમજ પોલીસ ટીમની દોડધામમાં વધારો થયો છે. નવા કાયદા અંતર્ગત જમીન ઉપર ગેરકાયદે કબજો મેળવ્યો હોવાનું પૂરવાર થાય તો આરોપી સામે ૧૪ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## મોડાસા નાગરિક બેન્કના ચૂંટણી જંગમાં નાગરિક પેનલની ભવ્ય જીત નિશ્ચિત

### તા.૧૪ માર્ચે યોજાનારા જંગ ઉપર મોડાસાના નગરજનોની મીટ મંડાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ કાળઝાળ ગરમીમાં ચૂંટણી હોવાથી સહકારી માળખામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. ધી મોડાસા નાગરિક સહકારી બેન્કની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી તા.૧૪ માર્ચ, રવિવારે યોજાવવાની છે ત્યારે ચૂંટણી જંગમાં નાગરિક પેનલની ભવ્ય જીત નિશ્ચિત મનાય છે. વર્ષોથી ડિરેક્ટર પદે રહેલા અનેક ડિરેક્ટરોની કારમી હાર થઈ શકે છે..!! જે રીતે નાગરિક પેનલના ઉમેદવારોને મતદારો દ્વારા વ્યાપક આવકાર મળી રહ્યો છે તે જોતાં તેમના વિજયી રથને હરીફો માટે અટકાવવો મુશ્કેલ થઈ શકે છે.

સહકારી ક્ષેત્રમાં મામકાઓ અને પોતાનાને ઠેકાણે પાડવા માટે જ ગોઠવણ થતી હોય છે પરંતુ હવે સમય બદલાયો છે. મતદારો પણ કોણ સેવા કરવા આવે છે અને કોણ મેવા ખાવા માટે આવે છે તે યોગ્ય રીતે સમજી શકે છે. મોડાસા નાગરિક બેન્કની ચૂંટણી જાહેર થતાં રાજકીય ગરમાવો વધ્યો છે. જાણીતા બિલ્ડર અને મોડાસા નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન કમલેશ પટેલ અન્ય બિલ્ડર રોહીત પટેલ, વિનોદ પટેલ, પૂર્વ મેનેજીંગ ડિરેક્ટર અશોક ભાવસાર, ડૉ.દિપક ખીલવાણી, જીતેન્દ્ર પ્રજાપતિ, એડવોકેટ મિત્તુલ શુકલ અને નિવૃત્ત અધિકારી યોગેશ જોષીએ નાગરિક પેનલના નેજા હેઠળ વાઘના ચિન્હ સાથે મોડાસા નાગરિક બેન્કના ચૂંટણી જંગમાં ઝંપલાવતાં જ મતદારોનો પ્રથમ દિવસથી જે ઉત્સાહ જોવા મળ્યો તે જોતાં મોડાસા નાગરિક બેન્કના ચૂંટણી જંગમાં નાગરિક પેનલ ભવ્ય બહુમતીથી ચૂંટાઈ આવશે તેવું અનેક મતદારોએ જણાવ્યું છે. દૂધ, દહીં, ઘી, છાશ, માખણ બધા જ એક જ કુળના હોવા છતાં દરેકની કિંમત અલગ હોય છે કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ પોતાના કર્મો, કળા, સ્વાભાવ અને ગુણથી ઓળખાય છે. જેથી સમજુ મતદારોએ મનોમન વાઘ પેનલને જીતાડવાનું નક્કી કર્યું છે તેવું તમામ ઉમેદવારોએ જણાવ્યું છે.

પ્રજા માટે માઠા સમાચાર

## જિલ્લામાં આવતી કાલથી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબવાની આગાહી

### મૂંગા પશુઓ માટે માલધારીઓ વિસામા બનાવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ જિલ્લામાં કોરોનાએ માથું ઉંચક્યા પછી હવે સૂરજ દાદા પણ પ્રજાની આકરી પરીક્ષા લે તેવી આગાહી થઈ છે. રવિવારથી જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબવાની આગાહી થઈ છે. મૂંગા પશુઓ માટે ૪૦ ડિગ્રી તાપમાન અસહ્ય થાય તે અગાઉ માલધારીઓ પશુઓ માટે વિસામારૂપી છાંયડો ઉભો કરે તે જરૂરી છે.

સડસડાટ માર્ચ મહિનો પસાર થઈ રહ્યો છે. માર્ચ મહિનાના પ્રથમ પખવાડીયામાં જ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને આંબે પછી હવે ૩ ડિગ્રીનો હનુમાન કૂદકો લગાવી ૪૦ ડિગ્રી થઈ શકે છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા તા.૧૪ માર્ચથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા, અરવલ્લીમાં તાપમાનનો પારો સર્વોચ્ચ સપાટીએ પહોંચી શકે છે. જે રીતે છેલ્લા ૨ દિવસથી બપોરે અસહ્ય ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થતાં મિશ્ર ઋતુનો પ્રકોપ હાવિ થયો છે ત્યાં આગાહીકાર દ્વારા જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી થઈ છે અને વાદળો દેખાતાં ધરતીપુત્રો ચિંતિત બન્યા છે. આ સંજોગોમાં ઉનાળો હવે તેની પરાકાષ્ટા તરફ આગળ વધી રહ્યાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગત રોજ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર કરી ગયો હતો. આજ રીતે તાપમાનનો પારો ઉંચકાય તો તા.૩૧ માર્ચ સુધીમાં તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડિગ્રીએ પહોંચવાની ધારણા છે.

પોલીસની ઉંઘ ઉડાડતા તસ્કરો

## બાયડના સાંઈવિલા કોમ્પલેક્ષની દુકાનમાંથી રૂા.૨ લાખની રોકડ સહિત બારદાનની તસ્કરી

### પોલીસ સ્ટેશનથી માત્ર ૫૦૦ મીટર દૂર તસ્કરીને અંજામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ બાયડના સાંઈવિલા કોમ્પલેક્ષમાં આવેલી દુકાનનું તાળુ તોડી તસ્કરો રૂા.૨ લાખની રોકડ રકમ તથા બારદાન મળી કુલ રૂા.૨,૦૪,૦૦૦નો મુદ્દામાલ અને ચેકબુક ચોરી જતાં મામલો બાયડ પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. હજુ તો કાળઝાળ ઉનાળો જામ્યો નથી ત્યાં તસ્કરોએ પોલીસની ઉંઘ ઉડાડતાં આવનારા દિવસો પોલીસ અને બાયડની પ્રજા માટે પડકારજનક સાબિત થશે. પોલીસ સ્ટેશનથી માત્ર ૫૦૦ મીટર દૂર તસ્કરીને અંજામ અપાતાં પોલીસના સબસલામતના દાવા પોકળ સાબિત થયા છે.

બાયડમાં પાલિકાનો ચૂંટણી જંગ હોવાથી ઉમેદવારો અને ટેકેદારો દિવસ-રાત જાગતા હોવાથી પોલીસને રાહત હતી પરંતુ હવે પોલીસને રાત-ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ રહી છે. બાયડના ડેમાઈ રોડ ઉપર આવેલા




સાંઈવિલા કોમ્પલેક્ષમાં મોડસિંહ રાજપૂરોહીતની દુકાનનું તાળુ તોડી તસ્કરોએ રોકડ રકમ, ૮૦ કટ્ટાં બારદાન સહિતની મત્તા ઉસેડી ફરાર થઈ ગયા હતા. કોઈ જાણભેદુએ તસ્કરીને અંજામ આપ્યાની આશંકા છે. આ મામલે બાયડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અરવલ્લી આર.ટી.ઓ. એજન્ટરાજ

## તપાસ પછી આર.ટી.ઓ. જીજ્ઞેશ મોઢ સામે પગલાં ભરવામાં કોનો ડર..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં આર.ટી.ઓ. જીજ્ઞેશ મોઢના આશીર્વાદથી એજન્ટરાજ ખદબદી રહ્યું છે તેવી વાહન વ્યવહાર કમિશનરને રજૂઆત પછી ગત સપ્તાહે ગાંધીનગરથી તપાસ શરૂ થતાં ૧૩ જેટલા એજન્ટો ઝડપાયા હતા જેમની સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. એજન્ટરાજને કોને પોશ્યું..?? તે જગજાહેર છે. સક્ષમ અધિકારી તે માટે જવાબદાર ગણાય છતાં આર.ટી.ઓ. જીજ્ઞેશ મોઢ સામે પગલાં ભરવામાં રાજ્યની વાહન વ્યવહાર કચેરીને કોનો ડર સતાવી રહ્યો છે..?? જિલ્લામાં દર ૩ વર્ષે અધિકારીની બદલી થતી હોય છે પરંતુ મોડાસા આર.ટી.ઓ. છેલ્લા ૬ વર્ષથી એક જ સ્થાને ચીટકી રહ્યા છે અને વારંવાર તેમને મલાઈદાર ચાર્જ સોંપવામાં આવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં ઓવરલોડ વાહનોનું દૂષણ બેફામ બન્યું છે છતાં અરવલ્લી આર.ટી.ઓ. કચેરીની કામગીરી સામે શંકાઓ ઉભી થઈ છે. અનેકવાર જિલ્લા પોલીસ સલાહકાર સમિતિથી માંડી સંકલનની મીટીંગમાં પણ આર.ટી.ઓ. કચેરીની કામગીરી ઉપર પસ્તાળ પડતી હતી. પરંતુ આવું બધું ચાલ્યા કરે તેવી માનસિકતામાં જીવતા વહીવટી તંત્રએ મૌખિક ઠપકો આપ્યા પછી ઢીલી નીતિ અખત્યાર કરી આર.ટી.ઓ. મોઢ સામે અત્યંત આક્ષેપોની તપાસ પણ ફીડલું વળી ગઈ છે. જ્યારે ગાંધીનગરથી થયેલી તપાસ દરમ્યાન અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટોનું રાજ ચાલતું હોવાના સરકારી દફતરી પુરાવા મળ્યા પછી પોલીસ કાર્યવાહી કરાવી છે ત્યારે આ માટે આર.ટી.ઓ. ખુદ દોષિત છે કારણ કે કચેરીમાં સી.સી.ટીવી કેમેરા લાગે છે તો પછી એજન્ટો કેમ નજરે ચઢતા નથી..?? એક રીતે અરવલ્લી આર.ટી.ઓ. કચેરી ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ છે.

## સત્રાંત પરીક્ષા છબરડો : જિલ્લામાં ધો.૩, ગુજરાતી વિષયના પ્રશ્નપત્રમાંથી ફકરો ગાયબ

### પ્રા. શિક્ષક ભૂલ કરે તો કાર્યવાહી થાય, જવાબદાર સામે પગલાં ભરાશે..?? – શિક્ષકો અવઢવમા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ જિલ્લાની સરકારી, ખાનગી પ્રા.શાળાઓમાં તા.૧૫ માર્ચથી ધો.૩ થી ૮ ની સત્રાંત પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે ધો.૩ ગુજરાતી વિષયના પ્રશ્ન નં.૨ માં યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરી અર્થ સમજાય તે રીતે ફકરો પૂર્ણ કરવાનું જણાવ્યું છે પરંતુ આખે આખો ફકરો ગાયબ હોવાથી વિદ્યાર્થીઓ તો ઠીક પરંતુ શિક્ષકો પણ સત્રાંત પરીક્ષા પૂર્વે અવઢવમાં મૂકાયા છે. પ્રા.શિક્ષક ભૂલ કરે તો તેમની સામે કાર્યવાહી થાય પરંતુ લાખો પ્રશ્નપત્ર તૈયાર કરનારે છબરડો વાળતાં જવાબદાર સામે પગલાં ભરાશે ખરાં..??

શિક્ષણ વિભાગ અનેક પ્રકારના છબરડા માટે જાણીતું બન્યું છે. અગાઉ બૃહદ સાબરકાંઠામાં નબળી ગુણવત્તાવાળા પ્રશ્નપત્રના કાગળથી પ્રા.શિક્ષકોમાં રોષ જોવા મળ્યો હતો. સમય જતાં તેમાં ગુણવત્તાનો સુધારો થયો છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હવે ધો.૩ થી ૮ ની સત્રાંત પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં એક જ પ્રકારના પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવ્યા છે. સોમવારથી પરીક્ષા શરૂ થાય તે અગાઉ પ્રશ્નપત્રો શાળાને મોકલવામાં આવ્યા ત્યારે કેટલાક અભ્યાસુ પ્રા.શિક્ષકોએ ગુજરાતી વિષયની પ્રથમ સત્રાંત નિદાન કસોટીના ૪૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રશ્ન-૨ માં આખેઆખો ફકરો જ મૂકવાનું ભૂલી જતાં જિલ્લાના હજારો પ્રા.શિક્ષકોમાં ભાંગરો વાટનારા સામે શિક્ષણ વિભાગ પગલાં ભરશે ખરૂં..?? તેવા સવાલ પૂછાઈ રહ્યા છે.

## બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં રૂા.સવા કરોડથી વધુની રેલમછેલ

### જો થઈ છે.. હારેલા કેટલાક ઉમેદવારોએ પૈસા પાછા માંગ્યા..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ બાયડ નગરપાલિકાનો ચૂંટણી જંગ સંપન્ન થયા પછી અનેક અલક..મલકની વાતો લોકમૂખે સંભળાઈ રહી છે. કોઈએ સોગંદ વિધિ કરાવી તો કોઈએ પૈસા આપી સોગંદ ખવડાવ્યા, કોઈએ વાસણ-સાડીની લ્હાણી કરી, તો કોઈએ મૂંગા પશુની બલી ચઢાવી મિજબાની કરાવી. બાયડ નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે જામેલા ખરાખરીના જંગમાં રૂા.સવા કરોડથી વધુની રેલમછેલ થયાની ગરમાગરમ ચર્ચાએ પ્રજાને વધુ ઉત્સુક બનાવી છે. હારેલા કેટલાક ઉમેદવારોએ તો પૈસા પાછા માંગી હદ કરી છે.

કોઈપણ ચૂંટણીના મેદાનમાં ઉતરો એટલે હાર કે જીત બંન્નેમાંથી જે કોઈ ચૂકાદો આવે તે સહર્ષ સ્વીકારવો જોઈએ. હાર સ્વીકારવાની પણ તાકાત હોવી જોઈએ અને જીત મળ્યા પછી છકી પણ ન જવું જોઈએ. આ બધામાંય બાયડ પાલિકાનો ચૂંટણી જંગ અનોખો હતો. બંન્ને મુખ્ય રાજકીય પક્ષો ઉપરાંત અન્ય પક્ષના મળી ૨૪ બેઠક ઉપર ૪૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. પોતાની જીત પાકી છે તેવું સમજનારા કેટલાક જીત્યા, કેટલાક હાર્યા..આ ઉમેદવાર હારવાનો જ છે..તેવી ગણતરી કરનારાઓને ભાંઠા પાડવાની નોબત આવી. ત્યારે ચૂંટણી જંગ હવે સમાપ્ત થયા પછી પણ કેટલાકને પરાજ્યનો કડવો ઘૂંટડો પીવો અઘરો થઈ પડ્યો છે. જાણવા મળ્યા મુજબ કેટલાક હારેલા ઉમેદવારોએ મતદારોને મતદીઠ આપેલા રોકડ રકમ પાછી મોંઘી છે તો કેટલાકે તો મૂરતિયો હારવાનો છે તેવું પહેલાંથી જાણતા હોવાથી રોકડ રકમ લેવાનો ઈન્કાર કર્યો હતો. જો કે બાયડના મતદારો ક્યારેય લોભ-પ્રલોભનમાં આવતા નથી છતાં લોકચર્ચાને અત્રે પ્રસ્તુત કરી છે.